**Directorate of Information Technology**
**Anand Agricultural University, Anand**

**Dr. Dhaval R. Kathiriya** Phone : 02692-225990
**Ph.D.(Computer Science)** Fax : 02692-260712
**Director, Information Technolgy** E.mail : dit@aau.in

Date: 02/05/2013

# -: પરિપત્ર :-

**આથી આણંદ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત આવતી તમામ કચેરીઓને આથી જણાવવાનુંકે, આપની કચેરી દ્વારા યુનિવર્સિટીની વેબ સાઇટ (http://aau.in) પર મુકવામાટે ની**

1) **સર્ક્યુલર / પરિપત્રો,**
2) **ટેન્ડર જાહેરાત (કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી સિવાય),**
3) **પ્રવેશ અંગેની જાહેરાત,**
4) **ભરતી અંગેની જહેરાત,**
5) **સેમિનાર/કોન્ફરન્સ**
6) **વિવિધ ન્યુઝ / ઇવેંટ્સ વગેરે**

અંગેની જાહેરાત કે અન્ય કોઇપણ પ્રકારની માહિતી આપના સમ્બન્ધિત અધિકારી/કર્મચારી ના માત્ર ઓફિસિયલ ઇ–મેઇલ (*aau.in* વાળા) દ્વારા **સોફ્ટકોપી માત્ર PDF ફાઇલ ફોર્મેટ** માં અત્રેની કચેરીને માત્રને માત્ર ઇ–મેઇલ: *itc@aau.in* ( સમય ૯:૦૦ થી ૧૭:૦૦ દરમ્યાન ) પર મોકલવાની રહેશે અને ઇ–મેઇલ કર્યા બાદ જો દિન – ૧ (જાહેર રજા સિવાય) માં સદર માહિતિ વેબસાઇટ પર અપલોડ થયેલ ના હોય તો તેની જાણ અત્રેની કચેરીને ફોન નં. : (૦૨૬૯૨) – ૨૬૦૭૧૨ / ૨૨૫૯૯૦ / ૨૨૫૯૯૧ /૨૨૫૯૯૨ પર કરવાની રહેશે. રુબરુમાં કે પ્રીંટ કોપી માં અત્રેની કચેરીને સદર માહિતી મોકલવી નહિ. ઉપરાંત સદ માહિતી જો ગુજરાતીમાં હોય તો તે ગુજરાત સરકારના પરિપત્ર મુજબ શ્રુતિ/ઇન્ડિક /યુનિકોડ ફોંટ માં ટાઇપ કરેલી હોવી જોઇએ અન્યથા માહિતી યુનિવર્સિટીની વેબ સાઇટ પર મુકવામાં આવશે નહિ. તેમજ ઇ-મેલ ની વિગત/વિષય માં સદર માહિતીનુ યોગ્ય ટાઇટલ (હેડીંગ) તારિખ સહિત સ્પષ્ટ શબ્દોમાં ટાઇપ કર્યા બાદ જ ઇ-મેલ મોકલવો.

સદર ફાઇલ ને *PDF ની ફાઇલ* ફોર્મેટ મા રુપાંતરિત કરવા માટે નુ સોફ્ટવેર કે જે ફ્રી છે તે યુનિવર્સિટીની વેબ સાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે જેની માટે નીચે મુજબની લિંક છે. :
http://aau.in/sites/default/files/Softwares.htm

**ઉપરોક્ત સઘળી બાબતોનુ પાલન ન થતું હોય તેવા સંજોગોમાં જો સદર માહિતી યુનિવર્સિટીની વેબ સાઇટ પર ન મુકાય તો તેની જવાબદારી પરિપત્ર મોકલનાર જે તે અધિકારી/કર્મચારીની રહેશે.**

-sd-
નિયામક (આઇ.ટી.)

**No. AAU/DIT/Circular/ 31-32/2012** **Date: 02/05/2013**

**નકલ સવિનય રવાના:**
માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારુ.
સર્વે યુનિટ/સબ-યુનિટ વડાશ્રીઓ તરફ જાણ / જરુરી કાર્યવાહી સારુ.